# સિટી ઓફ બ્રૅમ્પટન મેળવે છે વિશિષ્ટ બજેટ રજૂઆત એવોર્ડ (Distinguished Budget Presentation Award)

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (29 ઑગસ્ટ 2022) – સિટી ઓફ બ્રૅમ્પટનને વિશિષ્ટ બજેટ રજૂઆત એવોર્ડ સતત સાતમા વર્ષે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા (જીએફઓએ) ના સરકારી વિત્ત અધિકારી એસોસિએશન તરફથી મેળવ્યો છે .

આ એવોર્ડ સિટી ઓફ બ્રૅમ્પટનની નોંધપાત્ર સિદ્ધિ છે જે સરકારી બજેટ પ્રક્રિયાના ઉચ્ચતમ સિદ્ધાંતો આત્મસાત કરવાની પ્રતિબદ્ધતાના દર્શન કરાવે છે. વિશિષ્ટ બજેટ રજૂઆત એવોર્ડ (Distinguished Budget Presentation Award) સિટી ઓફ બ્રૅમ્પટને અસરકારક બજેટ રજૂઆત માટેની રાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય માર્ગદર્શિકાનું પાલન કરવાનું હતું જેમાં નીચે આપેલ મુદ્દાઓનો સમાવેશ થાય છે:

- નીતિ દસ્તાવેજ;
- વિત્ત યોજના;
- પ્રચાલન માર્ગદર્શિકા; અને
- સંચાર ઉપકરણ.

બજેટના દસ્તાવેજો તમામ ચાર વર્ગોમાં નિપુણ હોવાનું અંકાવું જોઈએ તેમજ 14 ફરજિયાત માપદંડો પર ખરા ઉતરવા જોઈએ તો એવોર્ડ મેળવી શકાય. 2022 બજેટમાં આરોગ્ય સંભાળ વિસ્તરણના સમર્થનમાં એક ટકાની લેવિનો સમાવેશ થયો છે, પ્રોગ્રામો અને સેવાઓને જાળવી રાખવામાં આવી છે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અભૂતપૂર્વ યોગદાન આપવામાં આવ્યું છે અને વ્યાપાર વિકાસને સમર્થન આપવામાં આવ્યું છે.

GFOAના બજેટ એવોર્ડ પ્રોગ્રામમાં 1,700 કરતા વધુ સહભાગીઓ હોય છે. ઉત્તમ પ્રણાલિઓ, વ્યવસાયિક વિકાસ, સંસાધનો અને 21000 કરતા વધુ સભ્યોને વ્યવહારિક સંશોધન પૂરી પાડીને, ગવર્નમેન્ટ ફાઈનાન્સમાં GFOA ઉત્કૃષ્ટતાને આગળ વધારે છે.

## સુવાક્યો

"યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા (જીએફઓએ) ના સરકારી વિત્ત અધિકારી એસોસિએશન તરફથી વિશિષ્ટ બજેટ રજૂઆત એવોર્ડ (Distinguished Budget Presentation Award) જીતવો તે એક અનેરી સિદ્ધિ છે જે અંદાજપત્ર બનાવવાની સરકારી નીતિઓના ઉચ્ચતમ સિદ્ધાંતોનું પાલન કરવાના અમારા પ્રયાસોનું પ્રતિબિંબ છે. સતત સાત વર્ષોથી આ પારિતોષિક સિટી મેળવી

રહ્યું છે તે અમારી વિત્તીય પારદર્શિતા અને બ્રૅમ્પટનના રહેવાસીઓ અને વ્યવસાયો પરન્ના સુપ્રશાસન માટેની અમારી સમર્પિત પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન, પ્રમુખ,અંદાજપત્ર સમિતિ*

"બ્રૅમ્પટનના ભવિષ્યને આકાર આપવામાં મદદરૂપ થવા બજેટ પ્રક્રિયા કાઉન્સિલ, સ્ટાફ, રહેવાસીઓ અને અમારા વ્યાપારિક સમુદાયનો સહયોગ છે એમ કહી શકાય. આ વિશિષ્ટ એવોર્ડ માટે અમારી સતત સાતમા વર્ષે પસંદગી થઈ તેનો અમને ગર્વ છે."

*- પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 અને 5; ઉપ પ્રમુખ, બજેટ સમિતિ, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"એક સુશાસિત શહેર તરીકે, બ્રૅમ્પટન સિટી કાઉન્સિલ અને સ્ટાફ અમારા સમુદાયોને દરેક બાબતે ઉત્કૃષ્ટતા પ્રદાન થાય તે માટે ઝઝૂમે છે. "સરકારની બજેટ પ્રક્રિયા અંગેના આ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ અમને સનમાનની લાગણી થાય છે અને અમે બ્રૅમ્પટનના રહેવાસીઓ અને વ્યવસાયો માટે આ વર્ષે બીજી વખત ઉચ્ચ-ગુણવત્તાવાળી, ખુલ્લી અને સુલભ બજેટ દરખાસ્ત વિકસાવવા માટે ઉત્સુક છીએ."

*- પૉલ મોરિસન (Paul Morrison), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફ઼િસર , સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ઼ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca